# VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT – 395 007
# વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના–મગદલ્લા રોડ, સુરત – ૩૯૫ ૦૦૭
**(Accredited B++ equivalent to Five Star status by NAAC)**

✆ : 2227141 to 2227146 | ✆ : ૨૨૨૭૧૪૧ થી ૨૨૨૭૧૪૬
**Fax** : (0261) 2227312 | **ફેક્સ** : (૦૨૬૧) ૨૨૨૭૩૧૨
**Gram** : VNSGU | **તાર** : વીએનએસજીયુ
**E-mail :** sgu@sguernet.in


**ખાનગી**
**ફકત સભ્યોની જાણ માટે**

**સિન્ડિકેટની તાકીદની સભા**
**તા. ૩–૮–૨૦૦૭**

સિન્ડિકેટની તાકીદની સભા શુક્રવાર, તા. ૦૩–૮–૨૦૦૭ ના રોજ બપોરે ૩:૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના સમિતિખંડમાં મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

## : કાર્યવાહી :

| ક્રમ | સભ્યોના નામ | તા. ૩–૮–૨૦૦૭ |
|---|---|---|
| ૧. | ડૉ. રમેશચંદ્ર જી. કોઠારી (કુલપતિશ્રી) | હાજર |
| ૨. | શ્રી જયેશ વી. દેશકર (ઉપ–કુલપતિશ્રી) | હાજર |
| ૩. | ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૫. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૬. | આચાર્ય ડૉ. ભાસ્કર મહેન્દ્ર રાવલ | હાજર |
| ૭. | આચાર્ય શ્રી જયંતીલાલ મગનલાલ નાયક | હાજર |
| ૮. | ડૉ. કેશવભાઈ સી. પટેલ | હાજર |
| ૯. | ડૉ. શશીકાંત જી. શાહ | હાજર |
| ૧૦. | શ્રી હેમંતકુમાર જેઠાલાલ ટોપીવાલા | ગેરહાજર |
| ૧૧. | શ્રી દિપક ઈશ્વરલાલ આફ્રિકાવાલા | હાજર |
| ૧૨. | શ્રી સંજયકુમાર ઇશ્વરલાલ દેસાઈ | હાજર |
| ૧૩. | શ્રી હોશંગ જહાંગીરજી મીરઝા | હાજર |
| ૧૪. | શ્રી નૈષધ ભૂપતભાઈ દેસાઈ | હાજર |
| ૧૫. | શ્રી મયૂરભાઈ ચૌહાણ | હાજર |
| ૧૬. | આ. શ્રી યોગેશભાઈ લક્ષ્મીશંકર ભટ્ટ | હાજર |
| ૧૭. | શ્રી દિનેશભાઈ દાસા | ગેરહાજર |
| ૧૮. | ડૉ. ઘનશ્યામભાઈ રાવલ | હાજર |
| ૧૯. | ડૉ. વિપુલ જમનાદાસ સોમાણી | હાજર |
| ૨૦. | આ.ડૉ. ઉપેન્દ્રભાઈ ઠાકોરભાઈ દેસાઈ | હાજર |

**૧.** શ્રી કીમ એજ્યુકેશન સોસાયટી,કીમ (જિ.સુરત) સંચાલિત સૂચિત આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, મુ.પો. કીમ, તા. ઓલપાડ(જિ.સુરત)ની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭–૦૮ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ વિનયન અને વાણિજયનું નવું જોડાણ મેળવવા માટે જોડાણઅરજી કરી છે. સંસ્થાએ યુનિવર્સિટીની પરવાનંગી વગર, વેરીફીકેશન રીર્પોટ પહેલા જ અને સિન્ડિકેટની મંજૂરી(એપ્રુવ્લ) વગર પ્રવેશો કરી નાંખ્યા છે, આ ગંભીર બાબત હોઈ, સદર સંસ્થાનાં જોડાણ અંગે વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, સદર સંસ્થા પાસેથી ફરી વાર આવી ભૂલ નહીં કરે તેવી બાહેંધરી લીધા પછી આગળની કાર્યવાહી માટે મા. કુલપતિશ્રીને સત્તા આપવી.

**૨.** સિન્ડિકેટે, તેની તા. ૩૦/૫/૨૦૦૭ની સભામાં બાબત ક્રમાંકઃ (૨) અને (૩) અન્વયે વિચારણા કરી, જે સંસ્થાઓને યુનિવર્સિટીએ દંડ કર્યો છે. તેવી કોલેજો/ સંસ્થાઓના કિસ્સા પ્રમાણે અભ્યાસ કરવા માટે બનાવેલ સમિતિનો સર્વગ્રાહી અહેવાલ સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવાનો હોઈ, સમિતિએ મોકલેલ સર્વગ્રાહી અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી બહુમતિએ ઠરાવવામાં આવે છે કે, સમિતિએ રજૂ કરેલ અહેવાલના આધારે સદર સંસ્થાઓની રજૂઆતો ધ્યાને લેતા આ સંસ્થાઓને કરેલ દંડની રકમ માંડવાળ કરવામાં આવે અને સંસ્થાઓને આ પ્રકારનું પુનરાવર્તન ન થાય તે માટેની તાકીદ કરવામાં આવે અને લેખિત બાહેંધરી લેવામાં આવે.

વધુમાં ઠરાવવામાં આવે કે, દંડ સંદર્ભે ઓર્ડિનન્સની જોગવાઈ ઉભી કરવી. આ સંસ્થાને નવા અભ્યાસક્રમોના જોડાણ અંગે કાર્યવાહી બાકી હોય આ સંદર્ભમાં જોડાણ અંગે તાત્કાલિક કાર્યવાહી કરી, સ્થાનિક તપાસ સમિતિઓના અહેવાલના આધારે જોડાણ આપવાની તમામ સત્તા મા.કુલપતિશ્રીને આપવામાં આવે.

**3.** યુનિવર્સિટી કેમ્પસ ખાતેના વિવિધ મકાનોની સાફસફાઈના કામના વર્ષઃ ૨૦૦૭–૨૦૦૮ માટે મળેલ ટેન્ડરના તુલનાત્મક પત્રક પર વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ભાવતાલ માટે પાર્ટીઓને બોલાવી ભાવો લોએસ્ટની નીચે લાવવા અને ત્યાર બાદ ભાવતાલ કરવાની સત્તા મા. કુલપતિશ્રીને આપવી.

**૪.** યુનિવર્સિટીને વાહન ભાડે આપવાનો કોન્ટ્રાકટ સાંઈરથ ટ્રાવેલ્સ, સુરતને સિન્ડિકેટની તા. ૪–૧–૨૦૦૭ની સભાના ઠરાવ નં. ૧૮ થી મંજૂર કરવામાં આવ્યો હતો. જે સાંઈરથ ટ્રાવેલ્સ, સુરત દ્વારા ખોટાં બીલો રજૂ કરવાથી તેની સામે કરવામાં આવેલ પોલીસ કેસ ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં. ૫૦૯/૦૭ થી ફરીયાદ દાખલ થતાં સિન્ડિકેટની તા. ૨–૭–૨૦૦૭ની સભાના ઠરાવ નં. ૫ થી સદર કોન્ટ્રાકટ રદ કરવામાં આવતાં યુનિવર્સિટીને વાહનના બાકીના સમયનો કોન્ટ્રાકટ આપવા માટે મે. મિસ્ત્રી ટ્રાવેલ્સ, સુરત (ગુજરાત સેકન્ડરી એજયુકેશન બોર્ડના વાહન કોન્ટ્રાકટર) તથા શ્રી મુકેશ કે. સોનવણે, સુરત (**S.M.C.** ના વાહન કોન્ટ્રાકટર) ને યુનિવર્સિટીના વાહનનો કોન્ટ્રાકટ સાંઈરથ ટ્રાવેલ્સ, સુરતનાં મંજૂર થયેલ ભાવ મુજબ આપવા અંગે નાણાં સમિતિની તા.૧૩–૭–૨૦૦૭ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૩ થી ભલામણ કરવામાં આવેલ છે. જે અંગે જરૂરી વિચારણા કરવા બાબત.

(હિસાબી)

:: આથી **બહુમતીએ** ઠરાવવામાં આવે છે કે, મે. મિસ્ત્રી ટ્રાવેલ્સ, સુરત (ગુજરાત સેકન્ડરી એજયુકેશન બોર્ડના વાહન કોન્ટ્રાકટર) તથા શ્રી મુકેશ કે. સોનવણે, સુરત (**S.M.C.** ના વાહન કોન્ટ્રાકટર) ને યુનિવર્સિટીના વાહનનો કોન્ટ્રાકટ સાંઈરથ ટ્રાવેલ્સ, સુરતનાં મંજૂર થયેલ ભાવ મુજબ આપવો.

**૫.** બધી વિદ્યાશાખાઓના અધ્યક્ષશ્રી (ડીનશ્રી)ઓની એક સભા તા. ૨૪–૭–૨૦૦૭ના રોજ મળી હતી. જેમાં શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૭–૨૦૦૮નાં વર્ષમાં વિનયન, વાણિજય, વિજ્ઞાન, શિક્ષણ અને ગ્રામ વિદ્યાભ્યાસ, ફાર્મસી, મેનેજમેન્ટ અને ઈજનેરી વિદ્યાશાખાની તૈયાર કરેલ સૂચિત સત્ર વ્યવસ્થા પર વિચારણા કરવા બાબત.

(શૈક્ષણિક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, બધી વિદ્યાશાખાઓના અધ્યક્ષશ્રી(ડીનશ્રી)ઓએ શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૭–૨૦૦૮ નાં વર્ષ માટેની વિનયન, વાણિજય, વિજ્ઞાન, શિક્ષણ અને ગ્રામ વિદ્યાભ્યાસ, ફાર્મસી, મેનેજમેન્ટ અને ઈજનેરી વિદ્યાશાખાની તૈયાર કરેલ સૂચિત સત્ર વ્યવસ્થા **પરિશિષ્ટ** માં આપ્યા મુજબ મંજુર કરવી.

**(પરિશિષ્ટ : ક )**

**૬.** યુનિવર્સિટીના લોકપ્રશાસન વિભાગમાં ૨૦૦૭–૨૦૦૮ના શૈક્ષણિક વર્ષથી શરૂ થયેલ પાર્ટ–ટાઈમ એમ.પી.એ. અભ્યાસક્રમના બજેટ પર ચર્ચા વિચારણા કરવા બાબત.

(લોકપ્રશાસન)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના લોકપ્રશાસન વિભાગમાં ૨૦૦૭–૨૦૦૮ના શૈક્ષણિક વર્ષથી શરૂ થયેલ પાર્ટ–ટાઈમ એમ.પી.એ. અભ્યાસક્રમના બજેટને **પરિશિષ્ટ** માં આપ્યા મુજબ મંજુર કરવું.

**(પરિશિષ્ટ : ખ )**

**૭.** યુનિવર્સિટીના ડીપાર્ટમેન્ટ ઓફ આર.એમ.આઈ.એસ.એસ.એસ.ના પ્રો. એન્ડ હેડનો તા. ૩–૮–૨૦૦૭ અન્વયે રિસર્ચ મેથોડોલોજી અભ્યાસક્રમની ફી નકકી કરવા અંગે વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના ડીપાર્ટમેન્ટ ઓફ આર. એમ. આઈ. એસ. એસ. એસ.ના રિસર્ચ મેથોડોલોજી અભ્યાસક્રમની ફી **પરિશિષ્ટ** માં આપ્યા મુજબ મંજુર કરવી.

**(પરિશિષ્ટ : ગ )**

**૮. અધ્યક્ષશ્રીની સંમતિથી અન્ય જે કોઈ બાબત રજૂ થાય તે.**

યુનિવર્સિટી કાર્યાલય, સુરત.
ક્રમાંકઃ એસ–૧ (૧)/ ૮૫૫૦/ ૨૦૦૭ **ઈ.ચા. કુલસચિવ**
તા. ૮ –૮–૨૦૦૭

પ્રતિ,
સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ......